# Royal Higher Secondary School - Dhoraji

Date : 22-01-25
Marks : 50
Time : 1:00 Hour

**Std - 12** | **Sub. : Gujarati Full Course**

## Part :- A [50]

(1) "અમારી ચામડીનાં પગરખાં સિવડાવીએ તોય તારા ગણનું સાટું વળે તેમ નથી." આ વાકય કઈ કૃતિ નું છે ?
(A) 'સેલ્વી પંકજમ્' (B) 'સૌજન્યશીલ પ્રભાશંકર'
(C) 'મા' ત્માના માણસ' (D) 'ખીજડિયે ટેકરે'

(2) વિનોબા ભાવેનું મન બંગાળમાં કઈ ક્રાંતિની ભાવનાથી ખેંચાય છે ?
(A) વંદે માતરમ્ (B) જય ભારત (C) અહિંસક ક્રાંતિ (D) હરિયાળી ક્રાંતિ

(3) અમરનાથની યાત્રાએ જતાં સૌથી પહેલો પડાવ કયાં કરવો પડે છે ?
(A) નગીનાવાડી (B) નંદનવાડી (C) ચંદનવાડી (D) સરિતાવાડી

(4) કૌરવોના મૃત્યુ પછી કોણ અનંત શોકસાગરમાં ડૂબેલ છે ?
(A) અર્જુન (B) સહદેવ (C) ભીમ (D) યુધિષ્ઠિર

(5) પ્રભાશંકર કઈ પરિષદ નિષ્ફળ જવાની છે એમ સમજતા ?
(A) ગોળમેજી પરિષદ (B) રાજકીય પરિષદ (C) કૃષિ પરિષદ (D) સાંસ્કૃતિક પરિષદ

(6) 'માફી માગીને નથી છૂટયો કંઈ–સરકારે જખ મારીને છોડયો છે ?' આ વાકય કઈ કૃતિમાં છે ?
(A) 'શરત' (B) 'આસુંભીનો ઉજાસ' (C) 'સત્યાગ્રહાશ્રમ' (D) 'મા' ત્માના માણસ

(7) સેલ્વી પંકજમ્‌ને કયા નૃત્યનો અભ્યાસ છે ?
(A) કથક (B) કુચીપુડી (C) ભરતનાટયમ્ (D) ભવાઈ

(8) "પરમેશ્વર વગર આ જગતની સઘળી રસોઈ ફીકી છે " – આ વાકય કોણ બોલે છે.
(A) શિક્ષક (B) પિતાજી (C) વિદ્યાર્થી (D) શ્વેતકેતુ

(9) મહાનામે કોની વાત માન્ય રાખી ?
(A) અનુરુદ્ધ (B) ઉપાલિ (C) આર્યપુત્ર (D) કિંબિલ

(10) ડો. બાબાસાહેબે ચોકીદારને ખુરશીમાં બેસીને આરામથી કેરી ખાવાનું કેમ કહ્યું ?
(A) ચોકીદાર ખૂબ થાકી ગયો હતો. (B) માનવતાનો દરજ્જો જાળવવા
(C) કેરી બેસીને ખવાય માટે (D) ઊંચા–નીચનો ભેદ બતાવવા

(11) 'શરત' કૃતિનું સાહિત્ય સ્વરૂપ જણાવો.
(A) નવલકથા ખંડ (B) વાર્તા (C) ચરિત્ર નિબંધ (D) લઘુકથા

(12) ભોજાએ જીવતું છોકરું કેમ પાછું ધરતીમાં ન ધરબી દીધું ?
(A) પોલીસના ડરને કારણે (B) બાળહત્યાના પાપને કારણે
(C) ગામ લોકોના ડરને કારણે (D) રેશમી કાપડને કારણે

(13) વાઈમાં વિનોબાએ કઈ સંસ્થા સ્થાપી ?
(A) પ્રગતિ મંડળ (B) સખી મંડળ (C) વિદ્યાર્થી મંડળ (D) બચત મંડળ

(14) કશ્મીરનો વૈશાખ એટલે ત્યાં બેસી ચૂકેલી .......... ?
(A) હેમંતઋતુ (B) શરદ ઋતુ (C) શિશિર ઋતુ (D) વસંત ઋતુ

(15) સેલ્વી પંકજમ્ ત્રણ ચાર વર્ષ કયાં રહી હતી ?
(A) ગાંધીગ્રામ (B) ડિંડિગલ (C) રાજકોટ (D) વડોદરા

(16) 'પથ્થરો બોલે તો બોલાવી જુઓ' કાવ્ય પંકિતમાં કયા ભાવનું સૂચન છે ?
(A) અસંભવિતતાનો (B) અશકયતાની શકયતાને ચકાસવાનો
(C) લલચાવાવાનો (D) ચિતરવાનો

(17) બા ફાટેલા સાડલા સાથે શું સીવે છે ?

(A) દોરા (B) નિસાસા (C) કપડું (D) કમખો

(18) 'ભાણી' કાવ્યમાં કયો ભાવ સુપેરે પ્રગટ થયો છે ?

(A) મામા–ભાણીના પ્રેમનો (B) ભાણીના સુખી મનનો

(C) સમાજની વિષમ સ્થિતીનો (D) દુઃખી ઝાડવાંની વાતનો

(19) 'વૃક્ષમાં બીજ તું , બીજમાં વૃક્ષ તું' પંક્તિ કયા કાવ્યની છે ?

(A) 'પથ્થર થરથર ધ્રૂજે' (B) 'અખિલ બ્રહ્માંડમાં' (C) 'રામબાણ' (D) 'શ્યામ રંગ સમીપે'

(20) મીરાંબાઈ ઉપર કોણ ક્રોધિત છે ?

(A) ધના ભગત (B) રામ (C) ગિરિધર (D) રાણોજી

(21) દયારામનું કયું સાહિત્ય વખણાય છે ?

(A) ગરબા (B) છપ્પા (C) ગરબી (D) ચાબખા

(22) ઊર્મિલા કોનો દાખલો આપશે એવું લક્ષ્મણના મનમાં હતું ?

(A) રામનો (B) લક્ષ્મણનો (C) સીતાનો (D) પોતાનો

(23) 'ભાણી' કાવ્યમાં કેવી કન્યાની સ્થિતિનું વર્ણન છે ?

(A) પરણેલી (B) કુંવારી (C) કંગાળ (D) રડતી

(24) લોકોનો ચુકાદો સાંભળી ઓલિયો કેમ ઊભો રહી ગયો ?

(A) એને પથ્થર મારવો હતો. (B) લોકોને દુનિયાદારી સમજાવવી હતી.

(C) કુલટા સાથે વાત કરવી હતી. (D) એને પાપ કરવું હતું.

(25) કયા કવિના પ્રભાતિયાં લોકકંઠે વસ્યા છે ?

(A) દયારામ (B) પ્રેમાનંદ (C) નરસિંહ મહેતા (D) ધનાભગત

(26) કોનું મન હરી લેવા હરિ આવ્યા છે ?

(A) ધ્રુવનું (B) મોરધ્વજનું (C) પ્રહ્લાદનું (D) શુકદેવજી

(27) ગોપી કેમ શ્યામ રંગ સમીપે નથી જવું ?

(A) શ્યામ રંગ નથી ગમતો (B) શ્યામ રંગ કપટી છે.

(C) શ્યામરંગી કૃષ્ણ એની પાસે છે. (D) શ્યામ રંગથી ડર લાગે છે.

(28) 'ભવના અબોલા' માં પિતાએ દીકરીને શી સલાહ આપી ?

(A) દુઃખ તો બધા માણે (B) સુખ વેઠે તે સહનશીલ

(C) દુઃખ વેઠે તે સહનશીલ (D) તારે સુખ જ માણવું

(29) લક્ષ્મણ કેમ વનમાં જવાનું કહે છે ?

(A) ઊર્મિલાથી દૂર થવા માટે (B) રામ–સીતાની સેવા કરવી છે.

(C) લક્ષ્મણને વનવાસ આપ્યો છે. (D) લક્ષ્મણને વન ગમે છે.

(30) 'છેલ્લું દર્શન' સોનેટના કવિ કોણ છે ?

(A) જયંત કોઠારી (B) શ્યામ સાધુ (C) રા.વિ. પાઠક (D) ઉમાશંકર જોશી

(31) 'પહાલગામથી શરૂઆતથી જ શેષ નદીને કાંઠે કાંઠે થઈને રસ્તો ચાલ્યો જાય છે' – નિપાત શોધો.

(A) જ (B) છે. (C) થઈને (D) ચાલ્યો

(32) 'હવાઈ કિલ્લા બાંધવા' રૂઢિપ્રયોગનો અર્થ શોધો.

(A) હવામાં કિલ્લો બાંધવો (B) મોટે–મોટેથી બોલવું

(C) કિલ્લામાં હવાને બાંધવી (D) મોટી–મોટી વાતો કરવી

(33) 'શોણિત' – શબ્દનો સમાનાર્થી દશાર્વો

(A) શોષિત (B) નિર્દય (C) લોહી (D) શોક

(34) 'લોકવાયકા' – શબ્દ માટે યોગ્ય શબ્દસમૂહ શોધો.

(A) લોકોમાં ચાલતા તાયફા (B) લોકોએ આપેલું વાયક

(C) લોકોમાં ચાલતી વાત (D) લોકોએ આપેલું વચન

(35) 'ટોયામણ' તળપદા શબ્દનું શિષ્ટ રૂપ આપો.

(A) સિંચન (B) તકરાર (C) ટહુકો (D) હુમલો

(36) 'અનુકૂળ' – શબ્દનો વિરોધી અર્થવાળો શબ્દ આપો.

(A) માફક (B) અનુકરણ (C) પ્રતિકૂળ (D) ગમવું

(37) નીચેના વાકયમાંથી 'કૃદંત' વાળો શબ્દ શોધો.

પાંચમી પેઢી જોવાની વાસના ડોશીને હતી જ

(A) વાસના (B) જોવાની (C) જ (D) હતી

(38) નીચેના વાકયમાંથી પદક્રમ–પદસંવાદની દ્રષ્ટિએ કયું વાકય સાચું છે ?

(A) સર્વાંગી વિકાસ સમાજના વિદ્યા મેં પ્રાપ્ત કરી છે માટે.

(B) સમાજના સર્વાંગી વિકાસ માટે મેં વિદ્યા પ્રાપ્ત કરી છે.

(C) મેં વિદ્યા પ્રાપ્ત કરી માટે સર્વાંગી વિકાસ સમાજના

(D) સમાજના વિકાસ માટે મેં સવાર્ગી વિદ્યા પ્રાપ્ત કરી છે.

(39) નીચેના વાકયમાંથી વિશેષણ શોધો.

'પરમેશ્વરની શકિતથી જ સઘળું જગત ચાલે છે.'

(A) જ (B) ચાલે (C) સઘળું (D) છે.

(40) 'અનુજ્ઞા' શબ્દનો અર્થ જણાવો.

(A) અપમાન (B) આજ્ઞા (C) નફરત (D) પરવાનગી

■ **નીચેનું પદ્ય (કાવ્ય) વાંચી તેની નીચે આપેલા પ્રશ્નોના જવાબ વિકલ્પોમાંથી શોધો.**

માધવ, વળતા આજ્યો હો !
એકવાર પ્રભુ ખબર અમારી લેતા જાજ્યો હો !
રાજમુગુટ પહેરો કે મોટા કરો ધનુષ ટંકાર,
મોરપિચ્છ ધરી જમના કાંઠે વેણુ વાજ્યો હો !
અમને રૂપ હૃદય એક વસિયું ગમાર કહો તો સહીશું,
માખણ ચોરી, નાચણ પગલે નેણ લગાજ્યો હો !
રોકી કોણ શકે તમને પ્રભુ, રાખી પ્રાણ પરાણે
જોશું, વાટ અમારા વાવડ કદી પૂછાજ્યો હો !

(41) આ કાવ્યમાં 'માધવ' કોનું નામ છે ?

(A) બલરામ (B) અર્જુન (C) કૃષ્ણ (D) રામ

(42) 'ખબર અમારી લેતા જાજ્યો ?' એવું કોણ કહે છે ?

(A) રાધા (B) ગોપી (C) કુબજા (D) જશોદા

(43) કૃષ્ણએ માથે શું ધારણ કર્યુ છે ?

(A) મુંગટ (B) મોરપિચ્છ (C) પુષ્પગુચ્છ (D) તાંદુલ

(44) 'ગમાર' શબ્દનો અર્થ જણાવો.

(A) અભણ (B) મૂર્ખ (C) અણસમજૂ (D) હોંશિયાર

(45) આ કાવ્યને યોગ્ય શીર્ષક આપો.

(A) માધવ આવજો વેલા ! (B) માધવ ઘેલી ગોપી

(C) માધવ વળતા આવજો. (D) માધવ કયાંય નથી મધુવનનાં !

■ **નીચેનું ગદ્ય વાંચી તેની નીચે આપેલા પ્રશ્નોના જવાબ વિકલ્પોમાંથી શોધો.**

આપણે આપણી ભવ્ય–સુંદર સંસ્કૃતિની રક્ષા કરવાનું કહેવામાં આવ્યું છે. પ્રાચીનકાળમાં આપણો ભારત દેશ સમાજિક, રાજકીય, આર્થિક, ધાર્મિક, આધ્યાત્મિક વગેરે ક્ષેત્રોમાં અત્યંત આગળ પડતો હતો. તેણે 'જગદ્‌ગુરૂ' નું સ્થાન શોભાવ્યું હતું. તે સમયે ભારતભૂમિનો સુવર્ણયુગ હતો. ભારતભૂમિ સ્વર્ગતુલ્ય હતી. ભારતના ઋષિ–મુનિઓ , સાધુ–સંતો , મહાત્માઓ , મહાકવિઓ બધાએ ભારતને અમૂલ્ય વિચાર –રત્નોનો વારસો આપ્યો છે. પરિણામે ભારતવાસીઓની રહેણી – કરણી દેવોની રહેણી–કરણી જેવી હતી.પરંતુ આજના જમાનામાં ભારત લોકો પાશ્ચાત્ય સંસ્કૃતિનું આંધળું અનુકરણ કરી ત્યાંની અનિષ્ટ રહેણી–કરણી અપનાવી રહ્યા છે. તે જરા પણ યોગ્ય નથી.

(46) પ્રાચીનકાળમાં ભારતદેશ કયા ક્ષેત્રમાં આગળ પડતો ન હતો ?

(A) આધ્યાત્મિક (B) ધાર્મિક (C) ઔદ્યોગિક (D) સામાજિક

(47) ભારતને અમૂલ્ય વિચાર–રત્નોનો વારસો કોણે આપ્યો ?

(A) ક્રિકેટરોએ (B) ઋષિ–મુનિઓએ (C) અભિનેતાઓ (D) વિદેશીઓએ

(48) પ્રાચીનકાળમાં ભારતે કેવું સ્થાન શોભાવ્યું હતું ?

(A) ધાર્મિક (B) સામાજિક (C) રાજકીય (D) જગદ્‌ગુરૂ

(49) ભારતના લોકો કોનું આંધળું અનુકરણ કરે છે ?

(A) ભારતીય સંસ્કૃતિનું (B) સાધુ–સંતોનું

(C) પાશ્ચાત્ય સંસ્કૃતિનું (D) મહાત્માઓનું

(50) આ ગદ્યખંડને યોગ્ય શીર્ષક આપો.

(A) 'ભારત' (B) 'ભારતનો પ્રાચીન વારસો'

(C) 'વિચાર – રત્નો' (D) 'આજનો જમાનો'

# Royal Higher Secondary School - Dhoraji

Date : 22-01-25
Marks : 50
Time : 2:00 Hour

**Std - 12** **Sub. : Gujarati Full Course**

## Part :- B [50]

## SECTION :- A (પદ્ય આધારિત)

■ **નીચેના પ્રશ્નોના ત્રણ–ચાર વાકયમાં ઉત્તર લખો. (કોઈપણ ત્રણ)** **[06]**

(1) કવિએ નળનાં શરીરમાં શી રીતે પ્રવેશ કર્યો ?
(2) 'કાગવાણી શકુનમાં ન લાવું' એટલે શું ?
(3) કવિ ભાણીને 'રાંકની રાણી' શા માટે કહે છે ?
(4) નાયિકાને કયાં દુ:ખ વેઠવા પડયાં છે ?
(5) ધીરજવાન જણાયેલી ઊર્મિલા કયારે મૂર્છિત થઈ ગઈ ?

■ **નીચેના પ્રશ્નોના સવિસ્તાર ઉત્તર આપો.** **[04]**

(6) 'જુઓ' ગઝલનું સમગ્રલક્ષી ભાવદર્શન કરાવો.

**અથવા**

(6) 'ભાણી' કાવ્યમાં આલેખાયેલ સામાજિક – આર્થિક વિષમતા વર્ણવો.

## SECTION :- B (ગદ્ય આધારિત)

■ **નીચેના પ્રશ્નોના ત્રણ–ચાર વાકયમાં ઉત્તર લખો. (કોઈપણ ત્રણ)** **[06]**

(7) મોટા હોલમાં પ્રવેશતા નાયકને કયું દશ્ય જોવા મળ્યું ?
(8) ભોજો પોસ્ટ–માસ્ટરનો ઉપકારી શી રીતે બન્યો ?
(9) લેખિકાને હરઘન મેદાનમાંથી વહી જતી શેષ નદી કેવી લાગતી હતી ?
(10) યુધિષ્ઠિર લોહિયાળ વિજયનું પ્રાયશ્ચિત કેવી રીતે કરવા માગે છે ?
(11) સયાજીરાવ ગાયકવાડે ઘેર આવીને રાણીને શું કહયું ?

■ **નીચેના પ્રશ્નોના સવિસ્તાર ઉત્તર આપો.** **[04]**

(12) દેવરાજના મનોમંથન અને તેના અરમાનોને તમારા શબ્દોમાં લખો.

**અથવા**

(12) 'અનુરુધ્ધનો ગૃહત્યાગ' વાર્તાનો ધ્વનિ સ્પષ્ટ કરો.

## SECTION :- C

(13) **તમારા નજીકના શહેરમાં આવેલા રંગ–રસાયણના કારખાનાનું ગંદુ પાણી, તમારા ગામની નદીમાં છોડીને નદીને દૂષિત કરવામાં આવી રહી છે જે અંગે ઘટતી કાર્યવાહી કરવા તમારા જિલ્લા કલેકટરશ્રીને અરજી કરો.**

(14) **નીચેના ગદ્યખંડનો ત્રીજા ભાગમાં સંક્ષેપ કરી તેને યોગ્ય શીર્ષક આપો.** **[05]**

પુસ્તક આધુનિક માનવીને આનંદ આપનાર સૌથી અને સૌથી શિષ્ટ સાધન છે. તેનો આનંદ અનેરો હોય છે. પુસ્તકની પ્રશસ્તિ કરીએ એટલી ઓછી. માણસને એની સાથે એવી મહોબત છે કે પુસ્તક સાથે હસે છે, રડે છે , ઉદાસ થઈ જાય છે. આનંદ પામે છે. પુસ્તકની હાજરીમાં પોતાની જાત સાથે વાતો કરવા લાગે છે,અને પોતાની જાતને ક્યારેક માત્ર પુસ્તક પાસે જ ખુલ્લી કરે છે. પુસ્તક માનવીને માટે દિલોજાન દોસ્ત છે. પુસ્તક એક વિસ્મયકારક વસ્તુ છે. તેને ભૌતિક શરીર હોય છે અને તેને આત્મા પણ હોય છે. વિચારો, લાગણીઓ , ધબકાર, જ્ઞાન, માહિતી કંઈ કેટલુંય સંયોજિત થઈને તેમાંથી પુસ્તક બને છે. તેની સાથે તમે વાતો કરી શકો છો , સફર કરી શકો છો. પુસ્તક એક જાદુઈ દીવો છે, દીવાની પાસે એકલા બેઠા હોઈએ અને સાથે પુસ્તક હોય એના જેવો આનંદ દુનિયામાં એકે નથી.

(15) **નીચેના ગદ્યખંડને કાળકથન રીત પ્રમાણે વિચાર વિકાસના ક્રમમાં ગોઠવી ફરીથી લખો.** **[05]**

ઉપરા ઉપરી પુત્રીઓ જ પામનાર પોસ્ટમાસ્ટરને ઘેર વર્ષો પછી પુત્ર અવતર્યો. કોઈ કહેતું કે એ જન્મયા પછી મરી ગયા. ગામના પોસ્ટ–માસ્ટરને ત્યાં આજે સાંજને સમયે છોકરો અવતરેલો .કોઈ કહેતું હતું કે છોકરો મરેલો જ જન્મયો હતો. પણ નસીબમાં ન સમાયો તેથી તેમને ભારે આઘાત લાગ્યો. માધવજી હાટેથી ઊંચામાં ઊંચી જાતનું રેશમી કાપડ વેતરાવીને મૃત બાળકને સારી પેઠે વીંટાળ્યું. આ હતભાગીને ઘેર અવતરીને કશું સુખ ન પામનાર એ બાલુડા પાછળ માસ્તરે સારું દાનપુણ્ય પણ કરી નાખ્યું .

(16) **નીચેનામાંથી કોઈ એક વિષય પર આશરે 250 શબ્દોમાં નિબંધ લખો.** **[10]**

**મિત્રતાની મીઠાશ**

પ્રસ્તાવના – મૈત્રીનો મહિમા – મિત્રની મહત્તા – સાચા મિત્રોનો સંગ – જીવનમાં કેવો રંગ ! – આદર્શ મૈત્રીના પ્રાચીન ઉદાહરણ – સુખદુઃખના સાથી – ઉપસંહાર

**અથવા**

**દીકરી ઘરની દીવડી**

પ્રસ્તાવના – દીકરી પ્રત્યે સમાજનું વલણ – દીકરો અને દીકરીની પ્રકૃતિ – પિતાને વહાલી દીકરી – સ્ત્રી ભ્રૂણ હત્યા – સ્ત્રી – પુરુષ પ્રમાણમાં અસમાનતા – ચેતવણી ઘંટી વાગી ચૂકી છે – જાગૃતિની જરૂર – ઉપસંહાર

**અથવા**

**આજના યુવાનો રાહ ભૂલ્યા**

પ્રસ્તાવના – દેશનો આધાર તેનું યુવાધન – આજના યુવાનો રાહ ભૂલ્યા – વ્યસનગ્રસ્ત યુવાનો – શિક્ષણની ઉપેક્ષા રાષ્ટ્રપ્રેમની અણસમજ – આત્મવિશ્વાસનો અભાવ – આંધળું અનુકરણ યુવાનોને સંદેશ – ઉપસંહાર

(17) **નીચેના ગદ્યખંડનું વાદાત્મક ગદ્યમાં રૂપાંતર કરો.** **[05]**

કેટલાંક મનુષ્યયો નિત્ય યુવાન હોય છે. દેહ વૃધ્ધ થાય છતાં એમનો ઉત્સાહી આત્મા તો સદાય યૌવનથી થનગનતો રહયો હોય છે ને શકિત લાવારસની પેઠે ઘૂમાઘૂમ કરી રહી હોય છે. એમની ઈચ્છા શકિત અદમ્ય હોય છે,ને આદર્શ મહાન હોય છે . જગત જેવું છે તેવું કદી એમને સંતોષ આપી શકતું નથી.

**અથવા**

(17) **નીચે આપેલ શબ્દ યાદીનો ઉપયોગ કરી એંશી 80 શબ્દમાં ભાવાત્મક ગદ્ય લખો.** **[05]**

વૃક્ષનું ઉપકારીપણું , પરહિતકારી , છાંયડો , ફળ , લાકડા , પાન, પશુપંખીનું જીવન , વરસાદ , દુષ્કાળ , હરિયાળું , વૃક્ષોનું જતન , વૃક્ષનોનું મહત્વ, કાપવા પર પ્રતિબંધ.

**BEST OF LUCK**